# સંગમની રાધા: જો સચ હૈ સામને આયા હૈ જો બીત ગયા વો સપના થા...

**૧૯૬૪માં રાજકપૂરે સંગમનું સર્જન કરેલું. આ ફિલ્મમાં તેમણે પહેલી વાર લગ્નપૂર્વેના પ્રેમને એક સ્ત્રીનાં હૃદય અને મનોમંથનની કસોટીએ ચડાવેલો. લગ્નપૂર્વેના પ્રેમસંબંધો હોવા કોઈ નવી વાત નથી. પુરુષ કે સ્ત્રી બધાને એવું બન્યું હોય પરંતુ જેની સાથે પ્રેમમાં હો તેની સાથે નહીં અને બીજા સાથે (આ ફિલ્મમાં દોસ્ત સાથે) જો સ્ત્રીને પરણવાનું આવે તો?**

બકુલ ટેલર. aarpar@gmail.com




જો આહૂતિ દેતે હે ગોપાલ વો ઈસ તરાહ દૂસરોં કી પૂજા ભંગ કરને નહીં ચલે આતે. પોતે જેને લગ્નપૂર્વે ખૂબ ચાહ્યો છે. જેની સાથે લગ્ન કરવા તેણે હંમેશાં સપનાં જોયા છે એ જ પ્રેમી પાછો આવ્યો છે, ને તે તેને આ કહી રહી છે. જો આહૂતિ દેતે હે ગોપાલ વો ઈસ તરાહ દૂસરોં કી પૂજા ભંગ કરને નહીં ચલે આતે. એ હવે તેના પૂર્વ પ્રેમીના જ જાનથી પ્યારા દોસ્તને પરણી છે. તેનો પતિ સુંદર જેમ તેના (રાધા) વિના રહી શકે તેમ નથી અને એટલે હનીમૂન માટે વિદેશ આવ્યા છે ત્યાં પણ ગોપાલને બોલાવી લે છે. રાધાને ક્યારેય સુંદર સાથે પરણવું નહોતું પણ આખર પરણવું જ પડ્યું ત્યારે તેણે લગ્નની પ્રથમ રાત્રે જ સુંદરની તસવીર સામે ઊભી રહી પોતાના બદલાયેલા જીવનમાં પૂર્ણ સ્વીકાર સાથે કહ્યું સુંદર આજ મેરા નયા જનમ હુઆ હૈ મૈં એક નઈ દુનિયા મેં કદમ રખ રહી હૂં.મૈં અપના ઘર અપના અતીત બહોત પીછે છોડ આયી હૂં. તુમ્હારે પાસ આકર મૈં સબકુછ ભૂલ જાના ચાહતી હૂં. એક હી તસવીર મેરી આંખોં મેં મેરે દિલ મેં રહે, તુમ્હારી તસવીર. પછી સુંદરને કહે છે કોઈ હમદોનો કે બીચ ન આયે.

૧૯૬૪માં રાજકપૂરે સંગમનું સર્જન કરેલું. આ ફિલ્મમાં તેમણે પહેલી વાર લગ્નપૂર્વેના પ્રેમને એક સ્ત્રીનાં હૃદય અને મનોમંથનની કસોટીએ ચડાવેલો. લગ્નપૂર્વેના પ્રેમસંબંધો હોવા કોઈ નવી વાત નથી. પુરુષ કે સ્ત્રી બધાને એવું બન્યું હોય પરંતુ જેની સાથે પ્રેમમાં હો તેની સાથે નહી અને બીજા સાથે (આ ફિલ્મમાં દોસ્ત સાથે) જો સ્ત્રીને પરણવાનું આવે તો? તો બહુ મનોમંથન અને પીડા વચ્ચે નિર્ણય લેવો પડે કે હવે લગ્નપૂર્વેના પ્રેમની લગ્ન પછી કોઈ જગ્યા ન હોઇ શકે. સંગમમાં સ્થિતિ એ છે કે પેલો ગોપાલ પણ સુંદર-રાધાના લગ્નજીવન વચ્ચે આવવા માંગતો નથી. પણ રાધા-ગોપાલ વચ્ચે ખૂબ પ્રેમ હતો તે વાતથી અજાણ સુંદર તો હંમેશ પોતાના બધા પ્રસંગોમાં મિત્રની ઉપસ્થિતિ ઝંખે છે. લગ્ન વખતે છેડા બાંધવાના હોય ત્યારે પણ સુંદરે કહેલું ઐસે કસકે બાંધો કી જિંદગીભર ના ખૂલે. હવે એ જ ગોપાલ ફરી ફરી સામે આવતો હોય તો રાધા શું કરે ? તેની પૂજાનો ભંગ થતો અનુભવતી હોય તો શું કરે? નિર્માતા, દિગ્દર્શક, એડિટર અને અભિનેતા રાજકપૂરે આ ફિલ્મ નરગીસના લગ્ન પછી બનાવી હતી. નરગીસે સુનીલદત્ત સાથે લગ્નનો નિર્ણય કર્યો ત્યારે નક્કી કરેલું કે હવે તેની જિંદગીમાં કોઈપણ રીતે રાજકપૂર, લગ્ન પહેલાંનો પ્રેમ ન રહેશે તે જાણતા હતા કે લગ્નને પ્રામાણિક રીતે, ધર્મની રીતે નિભાવવા હોય તો હવે લગ્ન પહેલાંનો પ્રેમ ભૂલવો જ યોગ્ય છે (રાજકપૂરે વર્ષો પહેલાં આ વિષય પર ઘરૌંદા ફિલ્મ વિચારેલી ત્યારે નરગીસ જ હીરોઈન નક્કી થયેલાં) રાજકપૂરે નરગીસના જ નિર્ણયને જબરદસ્ત તીવ્રતાથી સંગમમાં છેડ્યો.

ઈન્દરરાજ આનંદની વાર્તા, પટકથા, સંવાદ પરથી બનાવેલી ફિલ્મમાં રાજકપૂરે રાધાના પાત્રને જ કેન્દ્રમાં રાખ્યું છે. રાધા જે સુંદર અને ગોપાલ સાથે બચપણથી ઘરઘર બનાવવાની રમત રમી છે એ રાધાને સુંદર-ગોપાલ બંને ચાહે છે પણ રાધા તો માત્ર ગોપાલને જ ઝંખે છે. સુંદર તેના માટે બચપણના દોસ્તથી વિશેષ કાંઈ જ નથી. તકલીફ એ છે કે ગોપાલ કોઈ દિવસ એવું વ્યક્ત નથી કરી શક્યો કે રાધા હું તને ખૂબ ચાહુ છું. જ્યારે એ જ ગોપાલ સામે સુંદરે બચપણમાં પણ કહેલું સબ દેખતે રહ જાયેંગે લે જાઉંગા એક દિન. મોટા થયા પછી તે એવો જ છે. વકીલાતનું ભણવા લંડન ગયેલો ગોપાલ પાછો ફરે છે ત્યારે રાધાને તેની સખી સમી ઘરની નોકરાણી ચેતવે છે કે ગોપાલને તું તારી લાગણી કહી દે. રાત્રે પાર્ટી દરમ્યાન રાધા પ્રયત્ન કરે છે કે તે કહી દે પણ શક્ય જ નથી બનતું અને એ જ પાર્ટીમાં સુંદર પોતાના હૃદયનું ગીત છેડી જે છે હર દિલ જો પ્યાર કરેંગા, વો ગાના ગાયેંગા. રાધા પણ એ જ ગીતની ધૂનમાં ગાય છે. અબ કહ દૂંગી કહેતે કહેતે કિતને સાવન બીત ગયે. જાને કબ ઈન આંખો કા શરમાના જાયેગા અને ગોપાલ પણ ગાઈ ઉઠે છે. અપની અપની સબને કહ દી લેકિન હમ ચૂપચાપ રહે.દર્દ પરાયા જીસ કો પ્યારા વો ક્યા અપની બાત કહે. ખામોશી કા યે અફસાના રહ જાયેગા બાદ મેરા ને પછી બને છે પણ એવું જ. એકવાર પેલો ગોપાલ સુંદરને કહે પણ છે કે હું રાધાને ચાહું છું. પણ પછી વાત ફેરવી નાંખે છે કે શું દુનિયામાં એક જ રાધા છે? એક રાધા વો ભી થી

જો કિષ્ના કી મતવાલી થી. તે વખતેય સુંદર તો કહે છે કે તુમ મેરી રાધા સે ભી પ્યાર કરતે તો ભી મૈં તુમ્હારે રાસ્તે સે હટ જાતા. તેરી દોસ્તી મેં અપની મહોબ્બત ભેંટ ચઢા દેતા, ગોપાલ! પણ રાધાને સુંદર કેટલું ચાહે છે તે જાણતો ગોપાલ જાણે આહુતિ માટે જ તત્પર છે. એ એવું નથી સમજતો કે તે દોસ્ત માટે પોતાના પ્રેમની આહુતિ આપે ત્યારે તે રાધાના તેના (ગોપાલ) માટેના પ્રેમની પણ જાણ્યે - અજાણ્યો આહુતિ આપી રહ્યો છે. તેની સુંદર પ્રત્યેની દોસ્તી કબૂલ પણ રાધાના પ્રેમની આહુતિનો તેને અધિકાર ખરો? રાધાએ પોતાના માટે લખેલો પત્ર સુંદર વંચાવવા આવે ત્યારે પણ તે કશું કહી નથી શક્તો જાણે ચૂપચાપ તે રાધાને સુંદર તરફ સરકાવતો જાય છે.રાધા જ્યારે માનતી હોય છે કે મારી સાથે લગ્નનું નક્કી કરવા ગોપાલ આવ્યો છે ત્યારે પણ ગોપાલ તો રાધાના સુંદર સાથે લગ્ન ગોઠવવા જ આવ્યો છે. રાધા સુંદરને નથી જ ચાહતી અને એરફોર્સમાં જોડાયેલો સુંદર વિમાનની કોકપિટમાં બેસી ચૂક્યો છે. વિમાન રન-વે પર દોડવા લાગ્યું છે ત્યારે બૂમ પાડીને કહે છે કે સુંદર સૂનો સુંદર, મૈં તુમસે કુછ કહેના ચાહતી હૂં. કિસી ગલતફહેમી મેં મત રહેના. મૈં તુમસે પ્યાર નહીં કરતી,મૈં તુમસે પ્યાર નહીં કરતી પણ સુંદર તે સાંભળી શક્યો નથી એવું જાણી ભાવિના કોઈ ડરથી તે ત્યાં જ ઊભી રહી ફફડી જાય છે.

રાધાનો પ્રેમ બે દોસ્તો વચ્ચે પીસાતો રહે છે. સરહદે લડતો સુંદર રાધાના પત્રોની આશા રાખે તો રાધા વતી ગોપાલ જ પત્ર લખે. એ પત્રો ત્યાં સુંદરની જિંદગીનો આધાર બને અને એક મિશન દરમ્યાન તેના વિમાનના સળગી જવાની ઘટના સાથે તે શહીદ થયાનું જાહેર થાય પછી જ રાધા-ગોપાલ વચ્ચે પ્રેમની વસંત આવે. જોકે એ પ્રેમ પણ ક્યા તુમને કભી મુઝસે પ્યાર નહી કીયા? સુંદર કી દોસ્તી કે કારન તુમ હંમેશા ચૂપ રહો એવું રાધા કહે પછી જ સુંદર સહજ બની તેના પ્રેમમાં ડૂબી જાય છે. પત્રો લખવા માંડે છે. યે મેરા પ્રેમપત્ર પઢકર તુમ નારાજ ન હોના તુમ મેરી જિંદગી હો કી તુમ મેરી બંદગી હો આ પ્રેમ લગ્નની તૈયારી સુધી પહોંચી જાય ત્યાં જ સુંદર પાછો વળે છે. હવે? ગોપાલ સહુથી પ્રથમ હટી જાય છે. સુંદરની તસવીર પરથી હાર ઉતારી કહે મુઝે માલૂમ ન થા સુંદર, મુઝે માલૂમ નહીં થા. તુઝે ક્યા માલૂમ કૈસા અનર્થ હો ચલા થા. મૈં તુમ્હારા હક છીનને લગા થા દોસ્ત. અગર ઐસા હોતા તો કૌન દોસ્ત કિસી દોસ્ત પે વિશ્વાસ કરતા? ગોપાલને પહેલો વિચાર દોસ્તનો જ આવે પછી પ્રેમિકાનો. ગોપાલ તે વખતેય કહે છે કે મૈં પહેલી આહુતિ મેરે દિલ કી દે રહા હૂં આપની ખુશીકી દૂસરી આહુતિ તુમસે માંગ રહા હૂં રાધા ચીસો પાડવાની પીડામાં કહે છે યે આહુતિ મૈં નહીં દૂંગી, મૈં નહી દૂંગી પણ ગોપાલ સ્વયં રાધાના માતાપિતાને કહી આવે છે કે મારે રાધા સાથે નથી પરણવું તો બીજું શું બને? અને રાધા સુંદરનાં લગ્ન થઈ જાય છે.

જે લગ્ન ક્યારેય મંજુર ન હતા તે થયા પછી રાધા માટે લગ્નધર્મ પ્રથમ બની જાય છે. હવે તે ગોપાલને જરા પણ ઈચ્છતી નથી. હનીમૂન વખતે એક સ્થળે પાછળ સિક્કો ઉછાળી માંગવાની માનતા મુજબ રાધા માંગે છે તો એટલું જ માંગે છે કે સુંદરને ખુશી મળે ને પોતાને શાંતિ પણ હનીમુનમાં પણ ગોપાલ આવી ચડે તો એ કહી દે છે કે ચાલ્યો જા. તે જતો રહે છે



**રાધા હવે નક્કી કરે છે કે પોતે જ જતી રહે. આ પછીના તબક્કે ફિલ્મમાં પ્રેમ અને દોસ્તી વચ્ચેની જે કશમકશ બતાવાઈ છે તેના માધ્યમથી રાજકપૂરે રાધા વડે નરગીસના લગ્ન પછીના નિર્ણયને પણ જાણે અંજલિ આપી છે.**

પણ ઇન્ડિયા પાછા ફરે ત્યાં તો ગોપાલને કેટલો દૂર રાખી શકાય? સુંદર જ વારંવાર લાવે તો શું કરવું ? તે કહી દે છે, ગોપાલ એક બાર પહેલે ભી મૈંને કહા થા. આજ ફિર કહેતી હું મેરે ઘર ના આયા કરો. સુંદર બુલાયે તો ભી. મૈં હાથ જોડતી હૂં. તે હવે અંદરોઅંદર ગોપાલની હાજરીથી ડરવા લાગી છે. તે નથી ઈચ્છતી કે સુંદર સાથેનું લગ્નજીવન કોઈ આફતમાં ફેરવાઈ જાય. તે લગ્નની પવિત્રતાનો આદર કરે છે. પણ તેનો ડર સાચો નીકળે છે. લગ્નની એનિવર્સરીના દિવસે જ રાધાએ ગોપાલનો જે પત્ર સાચવી રાખેલો તે સુંદરના હાથમાં ચડી જાય છે. ધ્રુજી ઊઠેલી રાધા દોડી જાય છે ને વિનંતી કરે છે કે તું આ ન વાંચ પણ સુંદર પેલો પત્ર વાંચી આઘાતમાં ડૂબી જાય છે. તેના મનમાં સવાલ જાગી ગયો છે કે રાધા મારા પહેલાં પણ કોઈના પ્રેમમાં હતી? કોણ હતો એ જે તેની અને રાધાની વચ્ચે પડછાયાની જેમ રહ્યો? રાધા શું જવાબ આપે? રાધા પત્ર ફાડી નાંખે છે તો તે પૂછે છે, ફાડ્યો કેમ? એનિવર્સરીની પાર્ટીમાં જવાનું છે એટલે નીકળે તો છે પણ રૂમાલ રહી ગયો છે કહી સુંદર પાછો વળી પેલા પત્રના ટુકડા ભેગા કરે છે. રાધા પણ દહેશતની મારી પાછી ફરી છે ને આ જોઈ ગુસ્સે થઈ જાય છે. તે નથી ચાહતી કે હવે આ પત્રમાં છુપાયેલી કહાણી આગળ વધે પણ સુંદર અજંપ થઈ ગયો છે. તેઓ પાર્ટીમાં તો પહોંચે છે અને તેમાં રાધા પૂરી વેદના અને લગ્નબંધનની પવિત્રતા જાળવ્યાના ભાવ સાથે ગાય છે. તન સોંપ દિયા, મન સોંપ દિયા, કુછ ઔર તો મેરે પાસ નહી જો તુમસે હે મેરે સનમ સામે સુંદરનો સવાલ છે સૂનતે હે પ્યાર કિ દુનિયા મેં દો દિલ મુશ્કિલ સે સમાતે હૈં, ક્યા ગૈર વહાં અપનો તક કે સાયે ભી ના આને પાતે હૈ હમને આખિર ક્યા દેખ લિયા, ક્યા બાત હૈ ક્યું હૈરાન હૈ હમ, એક દિલ કે દો અરમાન હૈ હમ, ઓ મરે સનમ, ઓ મેરે સનમ... રાધા દિલથી ખુલાસો કરે છે મેરે અપને અપના યે મિલન, સંગમ હૈ યે ગંગા જમના કા, જો સચ હૈ સામને આયા હૈ જો બીત ગયા ઈક સપના થા. પણ સુંદરના મનમાં ઘુમરાયા જ કરે છે કે પેલો પત્ર કોણે લખ્યો અને રાધાને થાય છે કે એક બાર કહ સકું યે ખત કિસને લિખા હૈ કાશ... પણ સ્થિતિ એવી છે કે તેનો આ નિર્ણય પણ સુંદરની શંકામાં ઝેર ઘોળે. સુંદર તો રિવોલ્વર કાઢી જાતને ખતમ કરવા ય તૈયાર થઈ જાય છે. રાધા ફફડીને ગોપાલ પાસે પહોંચી જાય છે, સમજ નહી આતા ક્યા કરું ? બધું જાણી ગોપાલ કહે છે,રાધા મૈં હી જાકે કહૂંગા. તીન જીવન કબ તક ચક્કી મેં પીસતે રહેંગે? પણ આ કાંઈ સહેલું તો નથી. સુંદર માટે સમય જીરવવો કપરો થઈ પડયો છે. પિયાનો પર એ જ ધૂન વગાડતો રહે છે. જિંદગી હમે તેરા એતબાર ના રહા, એતબાર ના રહા ને અકળાઈ ઉઠેલી રાધા આક્રંદમાં બોલી ઉઠે છે, જિંદગી કો ક્યું કોસતે હો યે ક્યું નહી કહેતે રાધા તેરા એતબાર ના રહા? ને રાધા હવે નક્કી કરે છે કે પોતે જ જતી રહે. તેને બેગ ભરતી જોઈ સુંદર વિનંતી કરે છે અપના ઘર છોડ કે મત જાઓ રાધા. રાધા કહે છે કે મૈં, મેરી જિંદગી, મેરી મહોબ્બત તુમ્હારે ઘર મેં હૈ મગર મૈં અબ રહ નહી સકતી. આ પછીના તબક્કે ફિલ્મમાં પ્રેમ અને દોસ્તી વચ્ચેની જે કશમકશ બતાવાઈ છે તેના માધ્યમથી રાજ કપૂરે રાધા વડે નરગીસના લગ્ન પછીના નિર્ણયને પણ જાણે અંજલિ આપી છે.